અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૨/૧૬૮૧-૧૭૦૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૩/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય: શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માટે ધોરણ-૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- ૧) અત્રેનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૭૨૦૮-૫૨, તા.૨૨/૧૨/૨૦૨૧
૨) નવોદય વિદ્યાલય સમિતિ ક્ષેત્રિય કાર્યાલય, પુણેનો તા.૨૯/૧૨/૨૦૨૧નો પત્રક્રમાંક:F.6-49/JNVST 2022/NVS(PR)/2021/4720.
૩) અત્રેનીં તા.૦૪/૦૩/૨૦૨૨ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેના પત્રથી શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માટે ધોરણ-૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષાની તારીખો જાહેર કરવામાં આવેલ હતી. જે મુજબ ઉક્ત પરીક્ષા તા.૨૧/૦૪/૨૦૨૨ થી ૩૦/૦૪/૨૦૨૨ દરમ્યાન લેવાનાર હતી. સંદર્ભ-(૨) દર્શિત નવોદય વિદ્યાલય સમિતિ ક્ષેત્રિય કાર્યાલય, પુણેના પત્રથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ માટે જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા માટે જવાહર નવોદય વિદ્યાલય સિલેકશન ટેસ્ટ-૨૦૨૨ તા.૩૦/૦૪/૨૦૨૨ના રોજ સમગ્ર દેશમાં લેવામાં આવનાર છે. જેથી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની વાર્ષિક પરીક્ષા માટે બોર્ડ દ્વારા નિયત થયેલ તારીખો પૈકી તા.૨૯/૦૪/૨૦૨૨ અને તા.૩૦/૦૪/૨૦૨૨ માં ફેરફાર કરવા માટે વિનંતી કરેલ છે.

સંદર્ભ-(૨) દર્શિત ઉક્ત રજૂઆત અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ૧૧ ની શાળાકીય વાર્ષિક પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવા અંગે સંદર્ભ-(૩) દર્શિત અત્રેની ફાઈલ પર સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે ઉક્ત તારીખોમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

**શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષાની તારીખોમાં કરેલ ફેરફારની વિગતો :-**

| ક્રમ | પરીક્ષા | હાલની તારીખ | સુધારેલ તારીખ |
|---|---|---|---|
| ૧ | **ધોરણ-૯ અને ૧૧ ની શાળાકીય વાર્ષિક પરીક્ષા** | તા.૨૧-૦૪-૨૦૨૨ થી તા.૩૦-૦૪-૨૦૨૨ | તા.૧૯-૦૪-૨૦૨૨ થી તા.૨૮-૦૪-૨૦૨૨ |

E:\HK-\Calender\Calender-21-22\પરિપત્ર-વાર્ષિક કેલેન્ડર ૨૦૨૧-૨૨ - 07-03-2022.docx

Scanned with CamScanner

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના (જાણ સારૂં) :-

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રા.ક.) શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, (પ્રા. શિ. અને મા. શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.

નકલ રવાના :-

- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ સારૂં)
- પરીક્ષા સચિવશ્રી (વિજ્ઞાન પ્રવાહ), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં)
- પરીક્ષા સચિવશ્રી (સામાન્ય પ્રવાહ), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં)
- પરીક્ષા સચિવશ્રી(SSC), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં)



Scanned with CamScanner

ક્ર.નં. મા-૧/૨૦૨૨/૩૫૦૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ-સુરત.
તા:- ૦૮/૦૩/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત, જિ-સુરત.

Dist. ~~Education~~ Officer,
Surat. Dist. Surat.

Scanned with CamScanner